

## પાલનપુરમાં ભાજપ શાસિત પાલિકાના દ્વારા બનાવામાં આવેલ નવીન ભ્રષ્ટાચારના રોડના ખાડા જનતાએ જાતે જ પૂર્યા

જિલ્લા મથક પાલનપુરમાં ભાજપ શાસિત પાલિકાને અઢી વર્ષ પુરા થવાના હવે માત્ર બે મહિના બાકી છે ત્યારે વિકાસ નામે ભ્રષ્ટાચાર કરવામાં નવા નિશાળીયા નગરસેવકો એ જુના જોગીઓને પણ પાછળ મૂકી દીધા છે છેલ્લા બે વર્ષમાં પાલનપુર શહેરમાં માત્ર નવીન રોડ બનાવામાં પાલિકાના શાસનકર્તાઓ ખુબ જ દાખવ્યો છે. કારણે કે સૌથી વધારે જો ભ્રષ્ટાચાર થયો હોય તો પાલનપુર શહેરમાં રોડ બનાવામાં થયો છે જેનું પરિણામ ગત વિધાનસભાની ચૂંટણીમાં પ્રજાએ ભાજપને સણસણતો જવાબ આપી દીધો છે. અખબારો અને ન્યુઝ ચેનલમાં પાલનપુર પાલિકાના ભ્રષ્ટાચારના અહેવાલ પ્રગટ થાય બાદ જિલ્લાના ભાજપના હોદ્દેદારો ભાગીદાર હોય તેમ મુકપ્રેક્ષક થઈને બેઠા છે કરોડો રૂપિયા પાલિકાએ પાલનપુર શહેરમાં નવીન રોડ બનાવામાં પાણી જેમ ખર્ચી નાખવા છતાં પણ રોડની બદતર હાલત થઈ ગઈ છે. આજે પાલનપુર શહેરમાં સ્થાનિક લોકોએ જાતે જ નવીન રોડ પર પડેલા ખાડાના સમારકામ માટે જવાબદારી ઉપાડી હતી. જાતે જ લોકોએ જાહેર માર્ગ પર પર ખાડાઓને પુરવાનું કામ કર્યું હતું જેનું જશ લેવા માટે કોંગ્રેસના નગર સેવકો પણ રોડના ખાડા પુરવા માટે લોકો ઉપયોગી અભિયાનમાં જોડાયા હતા. પાલનપુર શહેરના હાર્દ સમા દિલ્હીગેટથી મહિલા મંડળ સુધીના રોડ પર પડેલા ખાડાઓનું પુરાણ કર્યું હતું.

## ધાનેરા મામા બાપજીના મંદિરે સફાઈ અભિયાન હાથ ધરાતા નગરજનોમાં ખૂશી

ધાનેરાના મામા બાપજીના મંદિરની ધાનેરા નગરપાલિકા દ્વારા સફાઈ હાથ ધરતા લોકોમાં ખુશીનો



માહોલ જોવા મળી રહ્યો છે.

ધાનેરામાં આવેલ મામા બાપજીના મંદિરે તંત્ર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે તળાવ બગીચો તેમજ રમત ગમતના સાધનો મૂકી ધાનેરાના લોકો માટે એક પીકનીક સ્થળ બનાવ્યું હતું પરંતુ તંત્ર અણઆવડત અને કોઈ સુરક્ષા ન હોવાથી આ પીકનીક સ્થળ માત્ર ગણતરીના જ દિવસોમાં ઉકરડા જેવું બની ગયું હતું અને અસામાજિક તત્વો દ્વારા રમત ગમતના સાધનો પણ તોડી નાખ્યા હતા તે બાબતે ધાનેરાના લોકો દ્વારા વારંવાર ધાનેરા નગરપાલિકામાં રજુઆત કરી છતાં પણ પાલિકાના સત્તાધીશોએ આ બાબતે કોઈ જ કાર્યવાહી ન કરતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી હતી અને મામા બાપજી મંદિરનું તળાવ પણ સુકાઈ જવા પામ્યું હતું અને તળાવમાં પધરાવેલી દશામાંની મૂર્તિઓ લોકોના પગે ચડી રહી હતી ત્યારે આજે ધાનેરા નગરપાલિકાના નવા પ્રમુખ બળવંતભાઈ બારોટ અને ઉપપ્રમુખ વસંતીબેન ગલચર સહિત સભ્યોએ હાજર રહી મામા બાપજી મંદિરની સફાઈ હાથ ધરી હતી અને તળાવ પડેલી મૂર્તિઓ પણ નદીમાં પધરાવી હતી. ધાનેરા મામા બાપજીના મંદિરે સફાઈ અભિયાન હાથ ધરતા ધાનેરાના લોકોએ ખુશી અનુભવી હતી ત્યારે હવે લોકો ઈચ્છી રહ્યા છે કે પહેલા ના કરતા પણ સારું પીકનીક સ્થળ અહીં બનાવવામાં આવે અને કડક સુરક્ષા ગોઠવવામાં આવે જેથી આ જગ્યાનું પીકનીક સ્થળ કાયમ માટે જળવાઈ રહે.

## પ્રાંતિજમાં બંગડી પોલિસ ચોર પકડાયા

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પંડ્યા પોળ બંગડી પોલીશ કરાવવી મહિલાને મોંઘી પડી તો મહિલાએ તુરંતજ ખ્યાલ આવતા બુમાબુમ કરતાં આજુબાજુના લોકો દોડી આવતાં ત્રણમાંથી બે ભાગી જતાં એક પકડાઈ જતાં લોકોએ થાભલે બાંધીને મેથીપાક આપ્યો અને પોલીસ બોલાવી પોલીસને હવાલે કર્યો. પ્રાંતિજ બજાર ચોક રહેણાંક વિસ્તારમાં આવેલ પંડ્યા પોળમાં આજે બપોરના સમયે ત્રણ બંગડી પોલીશવાળા આવતાં પોળની મહિલાઓ દ્વારા પીત્તળના વાસણો તથા તેવોના સોનાના દાગીના ચકચકીત કરાવવાની લ્હાયમાં પોતે બંગડી પોલીશવાળાઓને આપતાં પોળની મહિલાઓના પિત્તશના વાસણો તો ચકચકીત થયાં પણ એક મહિલાએ પોતાની સોનાની બંગડી ધોવડાવવા આપતાં સોનું ગાયબ થતાં મહિલાને ખ્યાલ આવતાં બુમાબુમ કરતાં સ્થાનિક રહિશો તથા રોડ ઉપરથી પસાર થતાં લોકો દોડી આવ્યા હતા. તો ત્રણ પૈકી બે ભાગી જતાં એક પકડાઈ ગયો હતો. લોકોએ તેને પકડી પાડી ટેલીફોનના થાંભલે બાંધીને આવતા જતાં લોકોએ તેણે મેથીપાક આપ્યો હતો અને પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી અને તેને છોડીને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા લઈ જવામાં આવ્યો હતો.

## બીઆરસી મોડાસા ખાતે તાલુકાના ૯૩ દિવ્યાંગોને સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લામાં બીઆરસી, મોડાસા ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.કે. પટેલની ઉપસ્થિતિમાં દિવ્યાંગો માટે એક કેમ્પનું આયોજન કરીને ૯૩ જેટલા દિવ્યાંગોને સાધન સહાય વિતરણ કરવામાં આવી હતી. એસ.એસ.એ.પ્રોજેક્ટ અંતર્ગત આઈ.ઈ.ડી. વિભાગ દ્વારા આયોજિત આ કેમ્પમાં ઝીકલબેન સોની, નિલેશભાઈ જોશી, અમિતભાઈ કવિ, મુકેશભાઈ પરમાર, દેવાંગ ચૌધરી વગેરેની ઉપસ્થિતિમાં બાળકોના માપ લઈ તબીબો દ્વારા સાધનોની સહાય આપવામાં આવ્યા હતા તેમ બીઆરસી કો.ઓ. હાર્દિકભાઈ પટેલે જણાવ્યું હતું.

## પ્રાંતિજના સલાલ ખાતે ઘર પાસે પાર્ક કરેલ બાઈક ચોરાતા પોલીસ ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના સલાલ ખાતે રાત્રીના સમયે ઘર આગળ પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી જતાં પોલીસ ફરીયાદ થઈ હતી. પ્રાંતિજના સલાલ ખાતે રહેતાં સુભાષભાઈ શાંતીલાલ ડામોર કે જેવો રાત્રીનાં સમયે પોતાના ઘર આગળ પોતાનું બાઈક પલ્સર એજે-૨૭એબી-૧૪૭૮ કે જેની કિંમત-૩૫,૦૦૦ કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરીને લઈ જતા બાઈક માલિક સુભાષભાઈ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ફરીયાદ લખી આગળની તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજના પલ્લાચર ખાતે થયેલ લૂંટનો ભાંડો ફુટ્યો : ફરીયાદી જ આરોપી નીકળ્યો

### મિત્રએ સાચવવા આપેલ સોનુ રોકડ રકમ ઉપર નિયત બગડતાં લુંટનો તાઇફો રચ્યો હતો : મિત્રએ જ મિત્રના વિશ્વાસ ઉપર ખંજર ખોસ્યુ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પલ્લાચર ખાતે રાત્રીના સમયે એક મકાનમાં મેન દરવાજાથી પ્રવેશ કરી ઘરની અંદર સુતેલા પતિ-પત્નીને છરાની અણીએ ચડ્ડી બનીયાનધારી ટોળકી દ્વારા સોના-ચાંદીના દાગીના રોકડા સહિત ૫,૮૮,૫૦૦ની મત્તાની ચોરી તથા મિત્રએ આપેલ ડબ્બાની લુંટ થઈ હોવાનું પ્રાંતિજ પોલીસસ્ટેશનમાં મકાનમાલિક દ્વારા પોલીસ ફરીયાદ થઈ હતી. પોલીસે સ્થળ ઉપર જઈને તપાસ હાથ ધરી હતી. પહેલી નજરમા જ લુંટ બનાવટ લાગતાં ઉંડાણપૂર્વક તપાસ કરતા આખીય લુંટનો ભાંડો ફુટયો. મિત્રએ જ મિત્રના વિશ્વાસ ઉપર ખંજર ખોસ્યુ. બનાવની વિગત એવી છેકે પ્રાંતિજના પલ્લાચર ખાતે રહેતા નટુભાઈ ભોળાભાઈ પટેલને પોતાના મિત્ર મદનલાલ ભરવલાલ શાહ રહે. સલાલ કે જેવોએ ૮૦૦ ગ્રામ સોનું, ૩ સોનાના બિસ્કીટ અને ૮૦ લાખ રોકડા મળી કુલ- ૧,૧૬, ૦૦૦૦૦ કરોડ ડબ્બામાં મુકીને ફરીયાદી મિત્ર નટુભાઈને ઘરે સાચવવા મુક્યા હતા. નટુભાઈની



દાનતમાં ખોટ જતાં તેવોએ પોતાનાં ઘરમા લુટ થયાનો કારસો રચ્યો હતો અને પોતાનાં ઘરમા પોતે સરસામાન તથા તિજોરીમાં અસ્તવ્યસ્ત કરી આખા ગામમાં વાત વહેતી કરી હતી કે મારા ઘરે રાત્રીના સમયે ચડ્ડી બનીયાન ધારી લુંટારૂ આવી મને મારી પત્નીને છરો બતાવીને મારા ઘરેથી રોકડા ૭૨૦૦૦ તથા સોના-ચાંદીના દાગીના જેની કિંમત ૫,૧૬,૫૦૦ મળી કુલ ૫,૮૮,૫૦૦ની લુંટ તથા મારા મિત્રએ આપેલ ડબ્બો પણ લુંટારૂ લઈ ગયાં હતાં અને ડબ્બામાં શું છે તે મને ખબર નથી જેવી ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કરી હતી. પ્રાંતિજ પોલીસને લુંટના પ્રથમ દિવસથી જ લુંટ થઈ હોય કે તે ગળે ઉતરતી નહતી. લુંટના ત્રીજા દિવસે માત્ર લુંટ થયેલ ડબ્બો ત્રીજા દિવસે પલ્લાચર ગામની સીમમાં ખેતરમાંથી મળી આવ્યો હતો. પોલીસે ડોર્ગ સ્કવોર્ડ, એફએસસેલ સહિતની તપાસ હાથ ધરી હતી. લુંટને લઈને ગાંધીનગર આઈજી મયંકસિંહ ચાવડા, જિલ્લા એસપી સૌરભસિંધ તથા ડીવાયએસપી શ્રીવાસ્તવ, પ્રાંતિજ પીઆઈ વી.આર. ચાવડા સહિત પોલીસ કાફલો પલ્લાચર ગામે દોડી આવ્યો હતો. એફઆરઆઈમાં ઉલ્લેખ થયેલ ડબ્બા માલિકના જવાબ લેતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી અને ફરીયાદી તથા અન્ય શંકમંદોની કડક પુછપરછ કરતાં ફરીયાદી ભાંગી પડતાં આખો મામલાનો ભેદ ઉકેલાયો હતો અને ફરીયાદી નટુભાઈ પોતે આરોપી નિકળ્યો હતો. પોલીસે સોનાના દાગીના, ત્રણ લગડી સહિત ૩૬,૦૦,૦૦૦ તથા રોકડા ૬૬,૫૦,૦૦૦ મળી આરોપી પાસેથી કુલ મુદ્દામાલ ૧,૦૨, ૫૦, ૦૦૦નો કબજે લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાંતિજ પોલીસ દ્વારા લુંટના ભેદનો પર્દાફાશ કરતાં લોકોમાં પોલીસ ઉપર વિશ્વાસ બેઠો છે તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. ડબ્બા માલિક મદનલાલ દ્વારા પ્રાંતિજ પોલીસ સહિત પોલીસનો આભાર માન્યો હતો.

## ધાનેરાના વાલેર ગામે કપિરાજને વીજકરંટ લગતા કપિરાજ ગંભીર

ધાનેરા તાલુકાના વાલેરા ગામે કપિરાજને વીજ કારણે લગતા ધાનેરા ગૌ સેવકો મુકામે દોડી ગયા હતા. કપિરાજને ધાનેરાની ગૌશાળામાં લાવી સારવાર કરી હતી. ધાનેરા તાલુકાના વાલેરા ગામની સીમમાં કપિરાજને વીજ પાયરની ડીપી ઉપર લટકતા ખુલ્લા વાયરો અડકી જતા કાપીરાજને માથાના તેમજ હાથના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ત્યારે ગામ લોકો દ્વારા પારસભાઈ સોનીને જાણ કરાતા પારસભાઈ એમની ટિમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ગંભીર રીતે ઘાયલ થયેલા કપિરાજને ધાનેરાની ગૌશાળામાં લાવી પ્રાથમિક સારવાર કરી હતી અને સાથે સાથે વીજ તંત્રને અપીલ પણ કરી હતી કે આવા ખુલ્લા નીચે લટકતા વાયરોનું સમારકામ કરી જેથી આવનારા સમય અબોલ પશુ તેમજ લોકોને જીવ ગુમાવવાનો વારો ન આવે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ASSOCIATION

B-23/2/1&2, GIDC, ELECTRONICS ESTATE, SECTOR-25, GANDHINAGAR-382 024 GUJARAT, INDIA. PH : (079) 23287130, 23287230
E-mail : geziaonline@gmail.com Website : geziaonline.org

Gezia — Gandhinagar Electronics Zone Industries Association — ISO 9001:2008 - Organization

Regd. under section "25" of Companies Act, 1956 (No-1-1956) Dt. 28-01-2008.
Corporate Identity No. U91100GJ2008NPL052751

## TENDER NOTICE 2017-18

(Notice Inviting Tenders GEZIA/001/ 2017-18)

GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ASSOCIATION

Tenders for the following work of GEZIA are invited by the Secretary (GEZIA), Plot No-B-23/2/1&2, Electronics Estate, GIDC, Sector-25, Gandhinagar. The given work tenders invited through two bid system and shall be opened on Date:23.03.2018 at 10.00 a.m. hrs. at the GEZIA office.

| Name of Work | Development of a Dynamic & Responsive Website for GEZIA |
|---|---|

GENERAL DETAILS OF WORK

SECRETARY
GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ASSOCIATION

| | | | |
|---|---|---|---|
| 1 | TENDER FEE (Not refundable)Rs.1000/-+GST 18% | : | Rs. 1,180/- |
| 2 | EMD ( Earnest Money Deposit ) | : | Rs. 5,000/- |
| 3 | Date of Publishing Advertisement of Tender | : | 12.03.2018 |
| 4 | Due Date for Collecting Blank Tender Document | : | 19.03.2018 up to 5.00 P.M |
| 5 | Due Date for Submitting Filled Tender Document | : | 20.03.2018 up to 5.00 P.M |
| 6 | Address of Collecting & Submitting the Tender | : | "GEZIA" Plot No-B-23/2/1&2, Ele. Estate, Sector-25, Gandhinaga |

Note: Bidders who are interested binding this can collect tender documents from GEZIA office by p ying non-refundable tender fee of Rs.1,180/- by Cash, DD, or Cheque in favour of "GEZIA".

For & behalf of,
Gandhinagar Electronics Zone Indu. Asso.,

(Secretary)

ગાંધીનગર સમાચારની વર્ષગાંઠ નિમિત્તે હાર્દિક શુભેચ્છા....

શ્રી રાજેન્દ્ર પારઘી — પ્રમુખ, ગુ.પ્ર.પં.પ. પ્રમુખ, જિલ્લા પંચાયત, અરવલ્લી
જેનીબેન ઠુમ્મર — માનદ મંત્રી, ગુ.પ્ર.પં.પ. પ્રમુખ, જિલ્લા પંચાયત, અમરેલી
શ્રી જગદીશભાઈ પટેલ — ઉપપ્રમુખ, ગુ.પ્ર.પં.પ. વ્યક્તિગત સભ્યશ્રી
શ્રી સંજયસિંહ એ. સરવૈયા — ઉપપ્રમુખ, ગુ.પ્ર.પં.પ. પ્રમુખ, જિલ્લા પંચાયત, ભાવનગર
શીલાબેન નીનામા — ઉપપ્રમુખ, ગુ.પ્ર.પં.પ. પ્રમુખ, જિલ્લા પંચાયત, મહીસાગર
મુર્તુઝાખાન પઠાણ — માનદમંત્રી, ગુ.પ્ર.પં.પ. વ્યક્તિગત સભ્યશ્રી
શ્રી ઘનશ્યામભાઈ પટેલ — ખજાનચી, ગુ.પ્ર.પં.પ. પ્રમુખ, જિલ્લા પંચાયત, વડોદરા
શ્રીમતિ જશુબેન પઢીયાર — આંતરીક ઓડીટર, ગુ.પ્ર.પં.પ. પ્રમુખ, જિલ્લા પંચાયત, ભરૂચ
શ્રી રામાજી ઠાકોર — કન્વીનર-સંકલન સમિત, ગુ.પ્ર.પં.પ. પ્રમુખ, જિલ્લા પંચાયત, ગાંધીનગર
શ્રી મુળજીભાઈ વાઘેલા — કન્વીનર-સંકલન સમિત, ગુ.પ્ર.પં.પ. પ્રમુખ, જિલ્લા પંચાયત, જામનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ